# શામળાજીના વેણપુર પાસે ગમખ્વાર અકસ્માત : ૧૦ના મોત

## દૂધનુ ટેન્કર ડિવાઈડર તોડી સામી બાજુએ લગ્નના જાનૈયાઓ ભરેલ જીપ સાથે ટકરાઈ : અકસ્માતમાં ટેન્કર ચાલક સહિત નવ જાનૈયાના મોત

શામળાજી, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં શામળાજી રતનપુર હાઈ-વે ઉપર વેણપુર નજીક ટેન્કર અને જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં કુલ દસ લોકોના કરૂણ મોત ઘટના સ્થળે જ નિપજ્યા હતા. આ ઘટનાને પગલે ભારે અરેરાટી વ્યાપી જવા પામી હતી. શામળાજી પોલીસે ઘટના સ્થળે દોડી આવી મૃતદેહોને પી.એમ. અર્થે મોકલી આપ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર શામળાજી નજીક રંગપુર ગામે બનાસકાંઠા જિલ્લામાંથી લગ્નની જાન આવી હતી. લગ્નવિધિ પતાવી એક જીપમાં જાનૈયાઓ રંગપુરથી પરત બનાસકાંઠા જઈ રહ્યા હતા ત્યારે વેણપુર પાસે આ અકસ્માત સર્જાયો હતો.

શામળાજી તરફથી દૂધનું ટેન્કર પસાર થઈ રહ્યુ હતુ ત્યારે આ દૂધ ભરેલા ટેન્કરના ચાલકે ટેન્કર ઉપરનો કાબુ ગુમાવતા ટેન્કર ડિવાઈડર તોડીને સીધી બાજુના ટ્રેક (માર્ગ) ઉપર જઈને ત્યાંથી પસાર થતી જાનૈયાઓ ભરેલી જીપ ઉપર પલ્ટી મારતા જીપના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા. આથી અકસ્માતમાં જીપમાં મુસાફરી કરી રહેલા બનાસકાંઠા જિલ્લાના નવ જાનૈયાઓ અને ટ્રકનો ચાલક મળી કુલ ૧૦ લોકોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા કરૂણ મોત નિપજ્યા હતા અને લગ્નનો શુભ પ્રસંગ આ પરિવાર માટે માતમમાં ફેરવાઈ ગયો હતો. આ અકસ્માતના સમાચાર પરિવારજનોને મળતા આખા ગામમાં શોકનું ગંભીર મોજુ ફરી વળ્યુ હતુ.

અરવલ્લી જિલ્લામાં વર્ષનો સૌથી મોટો કરૂણ અકસ્માત વેણપુર પાસે સર્જાતા સમગ્ર અરવલ્લી જિલ્લામાં ભારે અરેરાટી વ્યાપી જવા પામી હતી.

એક જ પરિવારના બે પુત્રો અને પિતા આ મૃતકોમાં સામેલ છે.



શામળાજી પોલીસમથકના પી.એસ.આઈ. ઉદાવતે ટીમ સાથે ઘટના સ્થળે આવી ગયા હતા અને ગમખ્વાર અકસ્માત મામલે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારના વારસદારને સહાય બે લાખ રૂ.ની અપાશે

ગાંધીનગર, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક આજે થયેલ ગમખ્વાર અકસ્માતમાં જાન ગુમાવનારાના ૧૦ વ્યક્તિઓના પ્રત્યેકના વારસદારને રૂ. ૨ લાખની સહાય કરવાના આદેશો મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કર્યા છે.

શ્રીમતિ પટેલે આ માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા નિર્દોષ નાગરિકોના પરિવારો પ્રત્યે દિલસોજીની લાગણી પણ વ્યક્ત કરી છે.

ચીનના પ્રવાસે ગયેલા શ્રીમતિ પટેલને જાણ થતાં ત્યાંથી તેમણે તંત્રના અધિકારીઓને સહાયના આદેશો આપ્યા છે. તેમજ દુર્ઘટના અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી છે.

### અકસ્માતમાં માર્યા ગયેલાની યાદી

(૧) ઘનશ્યામ ટપુભા વાઘેલા (રહે. રાપર)
(૨) એમ.જી. ગોસ્વામી (જેગાણા-વાવ)
(૩) ભમ્મરસિંહ હિરસિંહ ચૌહાણ (જેલાણા)
(૪) ગણપતસિંહ હિરસિંહ ચૌહાણ (જેલાણા)
(૫) મોહનસિંહ વેણસિંહ ચૌહાણ (રહે. બોરી)
(૬) દેસલરામ મોઘાજી ફણેસા (રતનપુર, (ટેન્કર ચાલક)
(૭) હીરસિંહ ભુરસિંહ ચૌહાણ (રહે. વાવ)
(૮) હીરસિંહ હઠીસિંહ ચૌહાણ (રહે. વાવ)
(૯) જબ્બરસિંહ નરસિંહ ચૌહાણ
(૧૦) ધર્મેન્દ્રસિંહ ગણપતસિંહ ચૌહાણ



પાલનપુર-દાંતીવાડા નજીક જેગોલ ગામમાં પ્રેમ પ્રકરણની તકરારે ઉગ્ર રૂપ ધારણ કરતા ભારે હોબાળો થયો હતો. જેમાં સામ સામે બે જૂથો હૂમલો કરતા એક જ સમાજના ૧૦ થી વધારે વ્યક્તિઓને શરીરે લોહીયાળ ઈજાઓએ થતા પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.
(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## માલપુરના સોનિક ગામના યુવાનની સુરતમાં આત્મહત્યા

મોડાસા, તા. ૧૫

આધુનિક યુગમાં માનવી જીવનમાં આવનારી સમસ્યાઓ સામે લડી ન શકતા આખરે આત્મહત્યાનો માર્ગ અખત્યાર કરી આજનો માનવી દુનિયાને અલવિદા કરી દેતા હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના સોનીક ગામના એક પટેલ યુવાને સુરતમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં માલપુર પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

અરવલ્લી જિલ્લાના માલપુરના સોનિક ગામના યુવાને સુરતમાં ઘરમાં પંખા સાથે રસ્સીથી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતાં ચકચાર મચી જવા પામી હતી. આ યુવાનનો પરિવાર પોતાના પિયર વેકેશનમાં ગયો હતો ત્યારે યુવાને અગમ્ય કારણોસર પોતાના જીવનનો અંત આણી દીધો હતો. સુરતમાં છેલ્લા ૧૦ વર્ષથી પરિવાર સાથે રહેતા અને અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના સોનીક ગામના લલીતભાઈ જેઠાભાઈ પટેલ (ઉં.વ. ૩૮ વર્ષ) સુરતમાં એક કંપનીમાં નોકરી કરી પોતાનો ઘરસંસાર ચલાવતા હતા. ઉનાળુ વેકેશન હોવાથી મૃતક યુવાનના પત્નિ અને બે સંતાનો પિયરમાં આવેલ હતા ત્યારે આ યુવાને અગમ્ય કારણોસર પોતાના સુરત ખાતેના ઘમરાં પંખા સાથે રસ્સીથી ગળુ બાંધી દઈ પોતાનું જીવન ટુંકાવી દીધુ હતુ.



(તસવીર : જય અમીન, મોડાસા)

આત્મહત્યાના સમાચાર પોતાના વતન સોનિક ગામમાં થતાં ચકચાર મચી ગઈ હતી.

આમ અચાનક સુખરૂપ ચાલતા સંસારીક જીવન ગુજારતા યુવાને પોતાની પત્નિ અને બે સંતાનોને એકલા મુકી આત્મહત્યા કરી લેતા આત્મહત્યાનું કારણ અકબંધ રહેવા પામ્યુ છે. પોલીસે આત્મહત્યાનો ગુનો દાખલ કરી મોતનું રહસ્ય શોધી કાઢવા વધુ તપાસ હાથ ધરી છે.

### વરસાદની આગાહી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

લક્ષણો જણાય. અને દેશ તેમજ રાજ્યોમાં દરિયાઈ વિસ્તારોમાં દક્ષિણ-પશ્ચિમ મહારાષ્ટ્ર, કોંકણ, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના દરિયાકિનારા તેમજ રાજ્યના ભાગોમાં રોહિણી નક્ષત્રની શરૂઆતમાં હવામાનમાં પલ્ટા જણાય અને દરિયાકિનારે ભારે પવન ફુંકાય. જો આ વરસાદની સ્થિતિ વધુ હશે તો ચોમાસુ ગતિવિધિ શરૂઆતમાં ચક્રવાતી બળોના કારણે મોડી થઈ શકે. હાલમાં જેઠ માસની શરૂઆતમાં પુનઃ કમૌસમી વરસાદના સંજોગો, ભૌગોલિક કારણો, ગ્રહ તેમજ અન્ય કારણો અને ઋતુ માનમાં ચોમાસામાં હજુ કરીનો પાક પણ મોડો જણાય છે. આ બધા કારણોસર ચોમાસા પૂર્વેના સંજોગો આ વખતે હવે શરૂ થતા હોય તેવા ચિહ્નો જણાય છે.

### શબ્દાવલી - ૫૭૩૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| ૮ | | | | | | ■ | |
| ■ | ■ | ■ | ■ | ■ | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | ૧૫ | | ■ |
| | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ |
| ૧૯ | | | ■ | ૨૦ | | | |

#### આડી ચાવી

૧. માર, મેથીપાક (૩)
૩. તસ્દી, શ્રમ, કષ્ટ (૪)
૬. ધનુષ્ય, વર્તુળ ખંડ (૨)
૭. એક પંખી, કચકચીયણ(૩)
૮. બોલવામાં વચ્ચે વારેવારે નકામો નંખાતો શબ્દ જેમ કે સમજયા કે નહિ? (૬)
૯. પાકેલુ નહિ તેવું (૨)
૧૦. બડાઇખોર, બડાશો મારનાર (૫)
૧૩. જીદ, હઠ, રકઝક (૨)
૧૪. રંગ કરનાર, રંગારો (૩)
૧૫. ખોટો આરોપ (૨)
૧૬. કામઢો, ખુબ કામ કર્યા કરે તેવો (૪)
૧૯. વ્રણ, ઘા (૩)
૨૦. મકાઇની મોટી ધાણી (૪)

#### ઊભી ચાવી

૧. નકામી ચર્ચા (૩)
૨. જોકુ, ... મારવી (૩)
૩. એક વાદ્ય, નરઘા (૩)
૪. કર્મ, નશીબની સાપેક્ષમાં બોલાય (૩)
૫. કર્તવ્યમાંથી ચુકી જવું (૫)
૭. કાગડો (૨)
૯. મેશ, અંજન (૩)
૧૦. બાણાવળી, નિશાનબાજ(૪)
૧૧. સંબંધી (૨)
૧૨. માટીમાંથી વાણસ રમકડાં વગેરે બનાવવાનું કામ (૪)
૧૫. આક્ષેપ, કલંક (૩)
૧૭. ગપ્પુ, ધાપ (૨)
૧૮. જીદ, કંઇક વસ્તુ મેળવવા હઠ (૨)

#### શબ્દાવલી ૫૭૩૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) પંચામૃત (૪) પાલક (૬) ચાહત (૭) કાર (૮) કરીયાણુ (૧૦) તક (૧૩) સદ્ય (૧૫) કીનખાબ (૧૮) કામદાર (૨૦) વામન (૨૧) જણવા (૨૨) નમકી

**ઊભી ચાવી :-** (૧) પંચાયત (૨) ચાહ (૩) મૃતક (૪) પારણુ (૫) કસ્તુરી (૭) કાયા (૯) રીસ (૧૧) કસમ (૧૨) શીખામણ (૧૪) દાદા (૧૬) નવાજવું (૧૭) બનવારી (૧૮) કાલીન (૧૯) રટન

### કોલેજને મંજુરી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની એક્ઝીક્યુટીવ કમિટીમાં ઈન્સ્પેક્શન રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો.

આ બંને મેડીકલ કોલેજો જુનાગઢ અને હિંમતનગર ખાતે એમબીબીએસ અભ્યાસક્રમનું પ્રથમ વર્ષ શરૂ કરવા માટેની સુવિધાઓ ઉપલબ્ધ હોઈ, આ બંને કોલેજોમાં ૧૫૦-૧૫૦ બેઠકો સાથે શૈક્ષણિક કામગીરી શરૂ કરવાની દરખાસ્ત મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ મંજૂર કરી છે અને ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલયની મંજૂરી માટે કાઉન્સિલની ભલામણ સાથે દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. ભારત સરકારની મંજૂરી મળતાં આ બંને મેડીકલ કોલેજોની ૧૫૦-૧૫૦ એમબીબીએસની સીટો ઉપર પ્રવેશ આપવામાં આવશે.

રાજયમાં હાલમાં કુલ-૧૯ મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અને પી.જી.મેડીકલ અભ્યાસક્રમોની શૈક્ષણિક કામગીરી ચાલુ છે, અને મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો આરોગ્ય અને તબીબી સેવાઓ પુરી પાડે છે. ગુજરાત રાજયમાં અત્યાર સુધી એમબીબીએસની કુલ-૨૯૩૦ સીટો પ્રાપ્ય હતી. જેમાં ઉક્ત બે નવી મેડીકલ કોલેજોની ૩૦૦ બેઠકો ઉમેરાતા કુલ-૩૨૩૦ સીટો ઉપલબ્ધ થયેલ છે.

આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, દેશના વડાપ્રધાનશ્રી અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને અત્યારના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન મુજબ આરોગ્ય અને તબીબી શિક્ષણ વિભાગ દ્વારા નોંધનીય કામગીરી કરવામાં આવેલ છે અને રાજયમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે એમબીબીએસની બેઠકોમાં માતબર વધારો થયેલ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન એમબીબીએસની ૧૫૨૫ સીટો હતી. જેમાં છેલ્લા દશ વર્ષમાં ઉત્તરોત્તર વધારો કરી લગભગ બમણી એટલે કે ૩૨૩૦ બેઠકો કરવામાં આવી છે.

### હુવેઈ ઓનર દ્વારા ઓનર ૪સી, ઓનર બી અને પાવર બેન્ક એપી૦૦૭ની રજૂઆત ભારતમાં ઓનર બીનું ગ્લોબલ લોન્ચ

હુવેઈની સ્માર્ટફોન ઈ-બ્રાન્ડ દ્વારા ઓનરની રોમાંચક ઓફરીંગ્સ સ્માર્ટ ફોન્સ-ઓનર ૪સી, ઓનર બી અને પાવર બેન્ક એપી૦૦૭ની રજૂઆત કરવામાં આવી છે. જે ખાસ ઓનલાઈન પાર્ટનર ક્લિપકાર્ટ પર જ વેચાણથી ઉપલબ્ધ બનશે. આ પ્રોડક્ટ કંપનીના પ્રતિનિધિઓ દ્વારા અમદાવાદમાં ગુરૂવારે રજૂ કરવામાં આવી હતી.

કંપનીને ભારતીય ગ્રાહકો તરફથી તેના સ્માર્ટફોન્સ ઓનર ૪એક્સ અને ઓનર ૬ પ્લસ હાલમાં રજૂ થયા હતા. ગ્રાહકોના વિશ્વાસ અને ફીડબેકને પ્રાપ્ત કરીને ઓનરે તેની ઓફરીંગ્સ વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો. જેમાં ઓનર ૪સી, ઓનર બી અને પાવર બેન્ક એપી ૦૦૭ની રજૂઆત કરવામાં આવી છે. કંપનીએ વિશ્વાસુ ગ્રાહકો આકર્ષક ઓપર્સ રાખી છે. ઓનરે નક્કી કર્યુ છે કે ઓનર ૪સી સ્પર્ધાત્મક કિંમત રૂ. ૮૯૯૯માં રજૂ કરીને મિડ એન્ડ સેગમેન્ટને લક્ષમાં રાખ્યું છે. જ્યારે ઓનર બીની કિંમત રૂ. ૪૯૯૯ અને ઓનર પાવર બેન્ક એપી૦૦૭ આકર્ષક કિંમત રૂ. ૧૩૯૯ રાખી છે. કંપનીએ તેની મર્યાદિત ઈન્ટ્રોક્ટરી ઓફર રજૂ કરી છે જેમાં ઓનર એપી ૦૦૭ ખાસ કિંમત રૂ. ૧૩૪૯માં ઉપલબ્ધ થશે અને ઓનર બી ખરીદી વખતે ૧૦ ટકા ડિસ્કાઉન્ટથી પ્રાપ્ત કરી શકાશે.

હુવેઈ અને ઓનર ઈન્ડિયાના કન્ઝ્યુમર બિઝનેસ ગ્રુપના પ્રમુખ એલન વાંગે કહ્યું હતું, 'અમે આ રજૂઆત અંગે ખૂબ રોમાંચિત છીએ જેમાં અમે નવા પાવરફૂલ સ્માર્ટફોન્સ ૪સી અને બી સાથે પાવર બેન્ક એપી૦૦૭ ભારતમાં લોન્ચ કર્યા છે.

### ભાવ વધારો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તો પેટ્રોલની કિંમત લીટરદીઠ વધીને ૬૯.૬૮ થઈ ગઈ છે જે હાલમાં ૬૬.૪૩ હતી. બીજી બાજુ ડિઝલની કિંમત અમદાવાદમાં ૫૫.૦૧થી વધીને ૫૭.૮૬ થઈ ગઈ છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઝીંકવામાં આવેલા વધારાને તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે જેથી સામાન્ય લોકોને ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડશે. પહેલી મેથી પણ ડિઝલની કિંમતમાં અને પેટ્રોલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલની કિંમતમાં એ વખતે ૩.૯૬ અને ડિઝલની કિંમતમાં ૨.૩૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. સતત બે વખત તીવ્ર વધારાના પરિણામ સ્વરુપે સામાન્ય લોકો મુશ્કેલીમાં મુકાશે અને તેમના બજેટ ઉપર સીધી અસર થશે. બંને પરિબળોની સંયુક્ત અસર ખુબ જ માઠી રહે તેવી શક્યતા છે. એક નિવેદનમાં આઈઓસી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, લોકો ઉપર ગણતરી બાદ આ વધારો કરવામાં આવ્યો છે. આઈઓસી, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા સરેરાશ આયાત કરવામાં આવતા ખર્ચ અને અગાઉના પખવાડિયામાં રૂપિયા-ડોલરના એક્સચેંજ રેટના આધાર પર પહેલી અને ૧૬મીના દિવસે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં સુધારા કરવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે, ઓગસ્ટ અને ફેબ્રુઆરી વચ્ચેના ગાળામાં ૧૦ વખત પેટ્રોલની કિંમતમાં સંયુક્તરીતે ૧૭.૧૧ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. જયારે ડિઝલમાં ઓક્ટોબર અને ફેબ્રુઆરી વચ્ચેના ગાળામાં છ વખત કાપ મુકાયો હતો અને કુલ કાપ લીટરદીઠ ૧૨.૯૬ સુધી રહ્યો હતો. બે વખત વધારો કરવામાં આવ્યા બાદ અગાઉ ઘટાડો પણ કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય તેલ માર્કેટોમાં કિંમતમાં ઉથલપાથલનો દોર રહ્યો છે.

પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી રહી હોવાની વાત પણ આઈઓસી દ્વારા કરવામાં આવી છે. મોંઘવારી વધવાનું જોખમ વધી ગયું છે. ડિઝલ મોંઘું થતા માલ પરિવહન પણ મોંઘુ થશે. ચીજવસ્તુઓના ભાવમાં તીવ્ર વધારો ઝીંકાય તેવી પણ શક્યતા દેખાઈ રહી છે.

૧૫ દિવસમાં જ બે વખત સતત વધારો કરાયો છે જેથી પેટ્રોલમાં ૭.૦૯નો જોરદાર વધારો આવી ગયો છે જ્યારે ડીઝલમાં ૫.૮નો વધારો થઈ ગયો છે. પેટ્રોલ-ડિઝલની કિંમતમાં વધારો થયા બાદ સામાન્ય લોકોની સાથે સાથે મધ્યમ વર્ગના લોકોને પણ તકલીફ પડશે. મોદી સરકારની ટિકાટિપ્પણી થાય તેવી પણ પ્રબળ સંભાવના દેખાઈ રહી છે.

### ફળદાયી બનશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આપસી સહયોગ અને સકારાત્મક-પોઝિટીવ વલણથી ચાયના-ગુજરાત વીન-વીન રિલેશનશીપ મજબૂત કરશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે ગુજરાત અને ચીનના ગ્વાંગડોંગની સામ્યતાઓ વિશેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, જે પ્રકારે ગ્વાંગડોંગ ચાયનાનું મેન્યૂફેકચરીગ હબ બન્યું છે તે જ પ્રકારે ગુજરાત પણ ભારતના મેન્યૂફેકચરીંગ સેકટરમાં ૧૭ ટકા જેટલા પ્રદાન સાથે ભારતનું મેન્યૂફેકચરીગ હબ બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના મહત્વપૂર્ણ વિકાસ પ્રકલ્પ એવા ધોલેરા જઈછ, ગિફ્ટસિટી અને મહત્વાકાંક્ષી દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર તેમજ ભારતના સૌપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સીયલ સર્વિસીસ સેન્ટર અને કલ્પસર પ્રોજેકટની રાજયની ગતિશીલ વિકાસયાત્રામાં અહેમિયત સમજાવી હતી.

શ્રીમતી આનંદીબહેને ચીન-ભારત વચ્ચેના પૂરાતન સમયના સંબંધોની પરિપાટીએ વર્તમાન પરિપ્રેક્ષ્યમાં બેય રાષ્ટ્રો વચ્ચે આ સેતુ મજબૂત બન્યો છે તેમ જણાવતાં ચીનના રોકાણકારોને ગુજરાતમાં રોકાણો માટે આવવાનું ઈજન પાઠવ્યું હતું.

તેમણે કહ્યું કે, 'આતિથ્ય સત્કાર એ ગુજરાતની આગવી પરંપરા છે. અમે અતિથીને પોતાના ઘર-આંગણાના વાતાવરણની અનુભૂતિ થાય તેવી પરંપરા-રિવાજમાં માનીએ છીએ'

'ગુજરાત અને ગુજરાતીઓ હકારાત્મક વલણ, સહયોગ અને આપસી વિકાસમાં વિશ્વાસ ધરાવે છે' તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયોના મુખ્યમંત્રીઓની ચીન યાત્રાના ઐતિહાસીક પ્રસંગથી બેય દેશો, રાજયો અને શહેરો વચ્ચેના સંબંધો વધુ ગાઢ બન્યા છે. ત્યારે ગુજરાત પોતાની આગવી વિશેષતાઓ સાથે ચાયનીઝ રોકાણકારોને આવકારવા ઉત્સુક છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કસમાં રોકાણો, ટેક્ષટાઈલ્સ, ઈલેક્ટ્રોનિકસ અને ખજખ ક્ષેત્રોમાં રોકાણ પ્રોત્સાહન માટે ગુજરાતે તાજેતરમાં જાહેર કરેલી વિવિધ નીતિઓની રૂપરેખા પણ પોતાના સંબોધનમાં આપી હતી.

આ કાર્યક્રમ પૂર્વે મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળ ગ્રેટ હોલ ઓફ પીપલમાં ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સન્માનમાં ચીન સરકારે આયોજિત કરેલા સમારોહમાં પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી મોડી સાંજે વર્લ્ડ હેરિટેજ સાઈટ ટેમ્પલ ઓફ હેવન-સ્વર્ગના મંદિરમાં યોગા તાઈચી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત પ્રતિનિધિમંડળ આવતીકાલે સ્કીલ ડેવલપમેન્ટ સિટીની મૂલાકાત લેશે અને ચાયના એસોસિએશન ફોર સ્મોલ એન્ડ મિડીયમ એન્ટરપ્રાઈઝ દ્વારા આયોજિત વન-ટુ-વન બિઝનેસ મિટીગમાં જોડાશે.

### નામ બદલેલ છે

હું નિશાંત જગતકુમાર દવે, હવે, નિશીત જગતકુમાર દવેના નામથી ઓળખાઈશ.

**- નિશીત જગતકુમાર દવે**
ફ્લેટ : એ/૬૦૪,
સિલીકોન વેલી, કુડાસણ,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### જાહેર નિવિદા નંબર-૫ - સને ૨૦૧૫-૨૦૧૬
### ટેન્ડર આઈ.ડી. નંબર - ૧૭૬૫૪૫

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, રજો માળ, જલભવન, ટાઉનહોલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તથા દહેગામ તાલુકાની સુજલામ સુફલામ પાણી પુરવઠા યોજના અંતર્ગત જી-૧ પાણી પુરવઠા પેકેજ હેઠળના વિવિધ હેડવર્ક્સની ઈલેક્ટ્રોમીકેનીકલ ઈક્વીકમેન્ટના ત્રણ વર્ષ માટેની કોમ્પ્રીહેસીવ ઓ એન્ડ એમ.ની કામગીરી માટેના ભાવો ટેન્ડરના દસ્તાવેજોમાં દર્શાવેલ તાંત્રિક તેમજ નાણાંકીય માપદંડ પ્રમાણે ઉત્તિર્ણ થતા એટલે કે ટેન્ડરની પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી માંગવામાં આવે છે. અંદાજીત કિંમત રૂપિયા ૫૪,૮૫,૩૫૬.૦૦, બાનાની રકમ રૂપિયા ૫૫,૦૦૦.૦૦ ટેન્ડર ફી રૂપિયા ૨૪૦૦.૦૦ ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ ૩૦/૫/૨૦૧૫, ૧૮.૦૦ કલાક સુધી. વિગતવાર ટેન્ડર નોટિસ અને ટેન્ડર ડૉક્યુમેન્ટ www.nprocure.com તથા www.statetenders.com વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. ટેન્ડર કોઈપણ કારણ આપ્યા વગર રદ કરવાનો હક બોર્ડ પાસે અબાધિત છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૨૩૫/૨૦૧૫

### રાષ્ટ્રીય ગ્રામી પેયજળ યોજના
### જળ અને સ્વચ્છતા સમિતિ - સોડાપુર, તાલુકો-ડીસા

સોડાપુર મુકામે રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ, સોડાપુર દ્વારા તા. ૧૮-૫-૨૦૧૫ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી. પો.એ.ડી.થી તા. ૨૫-૫-૨૦૧૫ સુધીમાં પાણી સમિતિ - સોડાપુર, તાલુકો ડીસાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર અધ્યક્ષશ્રી / યુનિટ મેનેજરશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

| અ.નં. | કામનું નામ | ૧) અંદાજીત રકમ<br>૨) ટેન્ડર ફી રૂ.<br>૩) શ્રેણી |
|---|---|---|
| ૧ | સોડાપુર તાલુકો : ડીસા રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ ભૂગર્ભ સંપનું કામ | ૧) રૂ. ૪,૯૦,૦૦૦.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૨ | સોડાપુર તાલુકો : ડીસા રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ પાઈપલાઈનનું કામ | ૧) રૂ. ૫,૫૦,૧૬૮.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૩ | સોડાપુર તાલુકો : ડીસા રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ હવાડાનું કામ | ૧) રૂ. ૨,૧૯,૨૬૮.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |
| ૪ | સોડાપુર તાલુકો : ડીસા રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ યોજના હેઠળ પંપરૂમ, સંપ અને બોર પર પંપીંગ મશીનરીનું કામ | ૧) રૂ. ૩,૯૭,૭૦૩.૦૦<br>૨) રૂ. ૬૦૦.૦૦<br>૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર |

ક્રમાંક/નામાનિ/પાલન/૭૧/૨૦૧૫-૨૦૧૬